Jayhind

EDII

May 20, 2026
Page No. 08



# ઈડીઆઈઆઈએ તેનો ૨૫મો દીક્ષાંત સમારોહ યોજ્યો

**ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ' તરીકે માન્યતા આપવામાં આવી છે**

અમદાવાદ, ૧૯ એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ, જેને ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ' તરીકે માન્યતા આપવામાં આવી છે; તેણે ૧૮ મે ૨૦૨૬ના રોજ પોતાના અમદાવાદ કેમ્પસ ખાતે શૈક્ષણિક કાર્યક્રમોના ૨૫મા દીક્ષાંત સમારોહનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ ઉપસ્થિતિ આપી હતી.

૨૫મા દીક્ષાંત સમારોહ દરમિયાન વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો હેઠળ કુલ ૯૮ વિદ્યાર્થીઓ અને સ્કોલર્સને ડિપ્લોમા તેમજ પૂર્ણતા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા? આ વર્ષની સ્નાતક બેચમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ – એન્ટરપ્રેન્યોરશિપ (પીજીડીએમ-ઈ)ના ૭૬ વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ – ઈનોવેશન એન્ટરપ્રેન્યોરશિપ એન્ડ વેન્ચર ડેવલપમેન્ટ (પીજીડીએમ-આઈઈવી)ના ૮ વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ – ઓનલાઈન (પીજીડીએમ-ઓનલાઈન)ના ૧૧ વિદ્યાર્થીઓ તેમજ ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (એફપીએમ)ના ૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.